**વર્ષ :- ૨૦૨૬-૨૭**

**(નવી બાબત)**

**HRT-2,3 અને ૪ યોજના હેઠળ બહુસ્તરીય પદ્ધતિથી ફળ પાકોનો વાવેતર વિસ્તાર વધારવાનો કાર્યક્રમ**

ગુજરાત સરકાર

કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંકઃ ACD/KEF/e-file/2/2026/0014/K8

સચિવાલય,ગાંધીનગર.

તા: E-sign મુજબ

**વંચાણે લીધા :**

(1) બાગાયત નિયામકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: DH/0006/01/2026, તા. 01/01/2026

(2) બાગાયત નિયામકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: DH/0064/03/2026, તા. 03/03/2026

(3) બાગાયત નિયામકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: DH/0008/01/2026, તા. 01/01/2026

(4) બાગાયત નિયામકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: DH/0067/03/2026, તા. 03/03/2026

(5) બાગાયત નિયામકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: DH/0010/01/2026, તા. 01/01/2026

(6) બાગાયત નિયામકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: DH/0069/03/2026, તા. 03/03/2026

**આમુખઃ-**

રાજયના કૃષિકારો કૃષિ પેદાશોમાંથી વધુ આવક મેળવીને સમૃધ્ધ થાય તેવી રાજય સરકારની નેમ છે. રાજયમાં હજુ ઘણા ખેડૂતો પરંપરાગત ખેતી પધ્ધતિથી ખેતી કરી રહ્યા છે, આવા ખેડૂતો પરંપરાગત અભિગમ છોડી વૈજ્ઞાનિક અભિગમ અપનાવતા થાય તેમજ આધુનિક ઢબે ખેતીમાં બદલાવ કરી પોતાની આવકમાં વધારો કરે તે જરૂરી છે. આ માટે બાગાયતી ખેતીમાં ફળપાકો આગવી હરોળમાં સ્થાન ધરાવે છે. ફળપાકો તેમજ તેની મુલ્યવર્ધિત પેદાશોની બજાર માંગ ઘણી હોઈ તેમજ વિદેશમાં નિકાસથી વિદેશી હુંડિયામણની આવક થતા દેશના અર્થતત્રમાં એક મહત્વની ભુમિકા ભજવે છે. ફળપાકની ખેતી થકી ખેડુતો સારી આવક મેળવતા થયા છે. ફળપાકમાં એકમ વિસ્તારમાં મહતમ ફળઝાડના વાવેતર થકી વધુ ઉત્પાદન મેળવી શકાય છે. આમ, રાજયમાં અતિ ઘનિષ્ટ ખેતી પધ્ધતિથી ફળપાકનું નવુ વાવેતર થશે અને અતિ મૂલ્યવાન ફળપાકોમાં અતિ ઘનિષ્ટ ખેતી પધ્ધતિ અપનાવવાથી ખેડૂતોની આવકમાં વધારો કરી શકાશે. એકમ વિસ્તારમાં એક કરતા વધુ ફળપાકોનુ વાવેતર કરવાથી બારેમાસ રોજગારીનુ સર્જન થઈ શકશે. એકમ વિસ્તારમાથી ખેડૂતો મહત્તમ આવક મેળવી શકાશે. જેથી આ ફળપાકોનાં વાવેતર માટે ખેડૂતોને સહાય આપી પ્રોત્સાહિત કરી શકાય તે હેતુસર બાગાયત નિયામકશ્રીએ વંચાણે લીધેલ (૧) અને (૬) પરના સંદર્ભથી કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

Signature Not Verified
Signed by : Bhavesh Patel
Section Officer
Agriculture Farmers Welfare
and Co-operation Department
Date : 2026.04.28 11:28:47 IST



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

ઠરાવ:-

સરકારશ્રીની વિચારણાના અંતે, વર્ષ ૨૦૨૬-૨૭માં રાજયમાં ખેડૂતોને અતિ ઘનિષ્ટ ખેતી પધ્ધતિથી એકમ વિસ્તારમાં એક કરતા વધુ ફળપાકોનુ વાવેતર કરવા પ્રોત્સાહિત કરી એકમ વિસ્તાર દિઠ ખેડુતોની આવકમાં વધારો કરવા માટે "બહુસ્તરીય પદ્ધતિથી ફળ પાકોનો વાવેતર વિસ્તાર વધારવાનો કાર્યક્રમ" નવી બાબત માટે **HRT-2 યોજના હેઠળ રૂ. ૫.૦૦ કરોડ, HRT-3 યોજના હેઠળ રૂ.૨.૦૦ કરોડ અને HRT-4 યોજના હેઠળ રૂ.૦.૫૦ કરોડ એમ કુલ રૂ.૭.૫૦ કરોડના નાણાંકીય અંદાજોને** નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

1. આ વહીવટી મંજુરી અન્વયે તા.૦૧/૦૪/૨૦૨૬ પછી ખર્ચ કરવાનો રહેશે. નાણા વિભાગ દ્વારા આપવામાં આવેલ વહીવટી મંજૂરીની શરતોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી સિવાય કોઇ ફેરફાર કરી શકાશે નહીં અન્યથા તેની સંપૂર્ણ જવાબદારી બાગાયત નિયામકશ્રીની રહેશે.
2. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી બાગાયત નિયામકશ્રીએ રાખવાની રહેશે.
3. I khedut portal પર ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
4. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં GeM મારફતે ખરીદીની જોગવાઇ કરવાની રહેશે .
5. નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.
6. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
7. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
8. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
9. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
10. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
11. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
12. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
13. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

14. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
15. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
16. પ્રસ્તુત યોજના વર્ષ ૨૦૩૦-૩૧ માં પુર્ણ થશે તેમજ યોજનાને સંલગ્ન જરૂરી સંપુર્ણ સમીક્ષાઓ બાદ જ યોજના ચાલુ/બંધ કરવા અંગેના નિર્ણય કરવાના રહેશે.
17. કેન્દ્ર કે રાજ્ય સરકારની અન્ય સમાન યોજનાઓ સાથે Duplication ના થાય તેવી કાળજી લેવાની રહેશે.
18. આ યોજનાનો અમલ બાગાયત ખાતા મારફતે કરવાનો રહેશે.
19. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.
20. આ યોજનાનો લાભ પરિશિષ્ટ -૧ મુજબની સામાન્ય શરતો અને બોલીઓ પ્રમાણે અને પરિશિષ્ટ - ૨ મુજબના લાગુ પડતાં વિવિધ ઘટકોના સહાયનાં ધોરણો મુજબ મળવાપાત્ર રહેશે. તેમજ પરિશિષ્ટ – ૩ મુજબની કાર્યપધ્ધતિ પ્રમાણે અમલીકરણ કરવાનું રહેશે.
21. આ યોજનાના અમલીકરણ માટે આઇ-ખેડૂત પોર્ટલ પર અરજીપત્રક અને તેને આનુષંગિક પત્રકો બાગાયત નિયામકશ્રીએ નિયત કરવાના રહેશે, તેમજ નાણાંકીય વર્ષની સમયમર્યાદામાં યોજના હેઠળના લક્ષ્યાંકો સિધ્ધ કરવા માટે આઇ-ખેડૂત પોર્ટલ સંબંધિત તમામ કામગીરી માટે બાગાયત નિયામકશ્રીને અધિકૃત કરવામાં આવે છે.
22. યોજનાકીય અમલીકરણ માટે આઇ-ખેડૂત પોર્ટલ ની કાર્યપધ્ધતિ પ્રમાણે અમલ કરવાનો રહેશે.
23. The Right of Persons with Disabilities Act, 2016 of Section-37 ની જોગવાઈઓ અનુસાર સદર યોજનામાં દિવ્યાંગો (માન્ય પ્રમાણપત્ર ધરાવતા) ને ૫% ની મર્યાદામાં અને તેમાં પણ દિવ્યાંગ મહિલાઓને યોગ્ય પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઈપણ કારણસર જો દિવ્યાંગ લાભાર્થીઓ પૂરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરીપૂર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.
24. આ યોજના માટેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

Signature Not Verified
Signed by : Bhavesh Patel
Section Officer
Agriculture Farmers Welfare
and Co-operation Department
Date : 2026.04.28 11:28:47 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

HRT-2 બહુસ્તરીય પદ્ધતિથી ફળ પાકોનો વાવેતર વિસ્તાર વધારવાનો કાર્યક્રમ (સામાન્ય ખેડૂતો) ૩.૫.૦૦ કરોડ

માંગણી નંબર : ૨

સેક્ટર- : ગ- આર્થિક સેવાઓ

પેટા સેક્ટર : ક -કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ

મુખ્ય સદર : ૨૪૦૧ - પાક કૃષિ વ્યવસ્થા

ગૌણ સદર : ૧૧૯ બાગાયત અને શાકભાજીના પાકો

પેટા સદર : (૦૧) ફળ રોપા ઉછેર કેન્દ્રો

**HRT-3 બહુસ્તરીય પદ્ધતિથી ફળ પાકોનો વાવેતર વિસ્તાર વધારવાનો કાર્યક્રમ ૩.૨.૦૦ કરોડ (TASP)**

માંગણી નંબર : ૯૬

સેક્ટર- : ગ- આર્થિક સેવાઓ

પેટા સેક્ટર : ક -કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ

મુખ્ય સદર : ૨૪૦૧ - પાક કૃષિ વ્યવસ્થા

ગૌણ સદર : ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના

પેટા સદર : (૦૧) ઘર આગણે શાકભાજી ઉગાડવા માટે તેમજ ડબ્બા પેક કરવા માટે કેન્દ્રોની સ્થાપના આદિ જાતિ વિસ્તારોમા શાકભાજીના વાવેતરને ઉત્તેજન માટેની યોજના

Signature Not Verified
Signed by : Bhavesh Patel
Section Officer
Agriculture Farmers Welfare
and Co-operation Department
Date : 2026.04.28 11:28:47 IST



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

**HRT-4 બહુસ્તરીય પદ્ધતિથી ફળ પાકોનો વાવેતર વિસ્તાર વધારવાનો કાર્યક્રમ ૩.૦.૫૦ કરોડ (SCSP)**

માંગણી નંબર : ૯૫

સેક્ટર- : ગ- આર્થિક સેવાઓ

પેટા સેક્ટર : ક -કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ

મુખ્ય સદર : ૨૪૦૧ - પાક કૃષિ વ્યવસ્થા

ગૌણ સદર : ૧૧૯ બાગાયત અને શાકભાજીના પાકો

પેટા સદર : ૦૧- HRT-4 અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના ફળ બાગાયત વિકાસની યોજના અને ફળના પાકની ખરીદી માટે અનુસુચિત જાતિના ખેડુતોને સહાયકી

આ હુકમો વિભાગની સમાનાંકી ફાઇલ નંબર ઉપર નાણા વિભાગની તા. 30/03/2026ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવેશ પટેલ)
સેકશન અધિકારી
કૃષિ ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(કૃષિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(કૃષિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- બાગાયત નિયામકશ્રી,ગુજરાત રાજ્ય, કૃષિ ભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
- નાણા શાખા / બજેટ / આયોજન શાખા કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે સંબધિત કચેરીઓ/ અધિકારીશ્રીઓ (બાગાયત નિયામકશ્રી મારફત)
- સેકશન અધિકારીશ્રી, આઇટી શાખા, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ઠરાવ ઓનલાઇન મુકવાની વિનંતી

Signature Not Verified
Signed by : Bhavesh Patel
Section Officer
Agriculture Farmers Welfare
and Co-operation Department
Date : 2026.04.28 11:28:47 IST



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- સાલેક્ટ ફાઇલ

## પરિશિષ્ટ-૧

## સામાન્ય શરતો અને બોલીઓ

## HRT-2,3 અને 4 બહુસ્તરીય પદ્ધતિથી ફળ પાકોનો વાવેતર વિસ્તાર વધારવાનો કાર્યક્રમ

1. આ કાર્યક્રમનો અમલ HRT-2 અને HRT-4 માટે રાજયના તમામ જિલ્લાઓમાં તથા HRT-3 માટે આદિજાતિ વિસ્તારના જિલ્લાઓમાં કરવાનો રહેશે
2. આ યોજનાનો લાભ HRT-2 માટે રાજયના તમામ ખેડુત લાભાર્થી, HRT-3 માટે અનુ.જન જાતિના ખેડુત લાભાર્થી અને વન અધિકાર પત્ર ધરાવતા લાભાર્થી તથા HRT-4 માટે અનુ. જાતિના ખેડુત લાભાર્થીને મળવાપાત્ર રહેશે.
3. આ કાર્યક્રમનું અમલીકરણ સબંધિત જીલ્લાના જિલ્લા બાગાયત અમલીકરણ અધિકારી મારફતે કરવાનું રહેશે અને તેના નિયંત્રણ અધિકારી તરીકે બાગાયત નિયામકશ્રી રહેશે. આ યોજનાના અમલીકરણ બાબતમાં કોઇ મુદ્દો ઉપસ્થિત થાય તો બાગાયત નિયામકશ્રીનો સંપર્ક સાધવાનો રહેશે.
4. ઓનલાઇન અરજી મળ્યેથી કચેરીના સંબંધિત તાલુકા અમલીકરણ અધિકારીએ ફળપાકના નવા વાવેતર માટે અન્ય યોજનામાંથી જે તે વર્ષે સમાન હેતુવાળા ઘટકમાં અગાઉ સહાય મેળવેલ નથી તે બાબતની ખરાઇ કરવાની રહેશે. જો સહાય મેળવેલ હોય તો આ કાર્યક્રમ હેઠળ સહાય મળવાપાત્ર રહેશે નહી.
5. ચાલુ નાણાંકીય વર્ષમાં આ યોજના હેઠળના પરિશિષ્ટ-૨ ના કોલમ-૫ માં દર્શાવેલ ઘટકમાં જે અરજદારે I-Khedut Portal ઉપર ઓનલાઇન અરજી કરેલ હોય તથા પાત્રતા ધરાવતા હોય તેવા અરજદારોને લક્ષાંકની મર્યાદામાં લાભ આપી શકાશે.
6. આ કાર્યક્રમ હેઠળના લાભાર્થીઓનું સબંધિત નાયબ બાગાયત નિયામકશ્રી કચેરી ખાતે પૂરતી વિગતો સાથેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.
7. આ યોજનાનું અમલીકરણ બાગાયત નિયામક/સરકારશ્રીની વખતો વખતની સુચનાઓ અનુસાર કરવાનું રહેશે.
8. આ યોજનાના હેઠળના ઘટકો માટે સહાયના ધોરણો આ સાથેના પરિશિષ્ટ -૨ મુજબ રહેશે.
9. લાભાર્થીના બેંક એકાઉન્ટમાં બારોબાર સહાયની રકમ જમા થાય તેવા ઘટકો માટેની કાર્ય પધ્ધતિ આ સાથેના પરિશિષ્ટ-૩ મુજબ રહેશે.
10. આ યોજનાની ગ્રાન્ટ બાગાયત નિયામકશ્રીએ જિલ્લા બાગાયત અમલીકરણ અધિકારીશ્રીને ફાળવવાની રહેશે.
11. પરિશિષ્ટ -૩ મુજબની કાર્યપધ્ધતિ માટે જિલ્લા અમલીકરણ અધિકારી દ્વારા જિલ્લા તિજોરી મારફત સહાયની રકમ DBT (Direct Benefit Transfer) થી લાભાર્થીના ખાતામાં જમા કરવાની રહેશે.
12. યોજનાની જોગવાઇ મુજબ આવરી લેવાયેલ વિસ્તારના સપ્રમાણસર એકમ ખર્ચ કે ખરેખર થયેલ ખર્ચ પૈકી જે ઓછા હોય તેને સહાયની ચુકવણી માટે ધ્યાને લેવામાં આવશે.

Signature Not Verified
Signed by : Bhavesh Patel
Section Officer
Agriculture Farmers Welfare
and Co-operation Department
Date : 2026.04.28 11:28:47 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

13. આ યોજના હેઠળ અતિઘનિષ્ઠ ખેતી પધ્ધતિથી એક થી વધુ ફળપાકનુ વાવેતર કરવાનું રહેશે. જેમાં ઓછામાં ઓછા ૫૦૦ રોપા/કલમો તથા વધુમાં વધુ ૨૬૦૦ રોપા/કલમો ના વાવેતર પર સહાય મળવા પાત્ર રહેશે.
14. આ યોજના હેઠળ HRT-2 યોજના હેઠળ ઓછામાં ઓછા ૦.૨૦ હેક્ટરથી મહત્તમ 4.૦૦ હેક્ટર સુધી સહાય તથા HRT-3 અને HRT-4 યોજના હેઠળ ઓછામાં ઓછા ૦.૧૦ હેક્ટરથી મહત્તમ 4.૦૦ હેક્ટર સુધી સહાય મળવાપાત્ર રહેશે.

**HRT- ૨,૩ અને ૪**

**<u>પરિશિષ્ટ-૨</u>**

**સહાયના ધોરણો**

| અ.નં. | ઘટકનું નામ | સહાયનું ધોરણ: પાક | હેક્ટરદીઠ મહત્તમ રોપા/ કલમની સંખ્યા | કલમ/ રોપા દીઠ સહાય રૂ. | વાવેતર ખર્ચ (ઈનપુટ/લેબર) સહાય પ્રતિ હે. | રિમાર્કસ | પુન: લાભ મેળવવાની ઓછામાં ઓછી સમય મર્યાદા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બહુસ્તરીય પદ્ધતિથી ફળ પાકોનો વાવેતર વિસ્તાર વધારવાનો કાર્યક્રમ | આંબા | 1600 | 100 | 10000 | • કલમો માટે NHB દ્વારા એક્રીડીએટેડ નર્સરીઓ/કૃષિ યુનિ./ બાગાયત ખાતાની નર્સરી/સી.ઓ.ઈમાંથી પ્લાંટીંગ મટીરીયલ ખરીદ કરવાનું રહેશે.<br>• ટીસ્યુકલ્ચર પ્લાંટીંગ મટીરીયલ (રોપા) માટે DBT દ્વારા માન્ય/એક્રીડીએશન થયેલ ટીસ્યુ લેબ,GNFC, GSFC, કૃષિ યુનિ.ની ટીસ્યુ લેબ જેવી સરકારશ્રીની જાહેર સંસ્થા પાસેથી ખરીદ કરવાનું રહેશે.<br>• સહાય આપતા પહેલા જે તે જિલ્લાના મદદનીશ બાગાયત | ખાતા દીઠ/ લાભાર્થી દીઠ HRT-2 યોજના હેઠળ ઓછામાં ઓછા ૦.૨૦ હેક્ટરથી મહત્તમ 4.૦૦ હેક્ટર સુધી સહાય તથા HRT-3 અને HRT-4 યોજના હેઠળ ઓછામાં ઓછા ૦.૧૦ હેક્ટરથી |
| | | જામફળ | 2222 | 80 | | | |
| | | મોસંબી/નારંગી | 500 | 80 | | | |
| | | ચીકુ | 400 | 100 | | | |
| | | લીંબુ | 1111 | 60 | | | |
| | | પપૈયા | 4444 | 5 | | | |
| | | સીતાફળ | 1600 | 20 | | | |
| | | અંજીર | 1600 | 20 | | | |
| | | દાડમ | 833 | 30 | | | |
| | | કેળ (ટીસ્યુ) | 4444 | 5 | | | |
| | | આંબળા | 1111 | 30 | | | |
| | | નાળિયેરી | 200 | 100 | | | |
| | | પાઇનેપલ | 45000 | 5 | | | |
| | | કમલમ (ડ્રેગન ફ્રુટ) | 4444 | 15 | | | |
| | | ખારેક (ટીસ્યુ કલ્ચર) | 125 | 1750 | | | |
| | | ખાટી આમલી | 400 | 15 | | | |

| | | |
|---|---|---|
| કરમદા | 1600 | 15 |
| જાંબુ | 156 | 20 |
| રાયણ | 100 | 15 |
| કોઠા | 100 | 15 |
| ફાલસા | 1600 | 15 |
| શેતુર | 400 | 15 |
| બીલા | 400 | 15 |
| અન્ય ફળપાક | 400 | 15 |

- પાકવાર નિયત થયેલ પ્રતિ રોપા/કલમ સહાય અથવા પ્રતિ કલમ/ ટીસ્યુ રોપા દીઠ ખરેખર થયેલ ખર્ચ બે માંથી જે ઓછું હોય તે ધ્યાને લઇ વાવેતર કરેલ રોપા/કલમો મુજબ સહાય મળવાપાત્ર રહેશે.

- વાવેતર ખર્ચ (ઈનપુટ/લેબર) માટે પ્રતિ હેક્ટર રૂ.૧૦,૦૦૦/- મુજબ પ્રો રેટા બેઝ પ્રમાણે સહાય મળવા પાત્ર રહેશે.

નિયામક (જિ.ક.) / બાગાયત અધિકારી (જિ.ક.) (જયાં મ.બા.નિ. (જિ.ક.) ની જગ્યા મંજુર થયેલ નથી તેવા જિલ્લા માટે) તથા તાલુકા અમલીકરણ અધિકારી એ સંયુકત ચકાસણી કરી સહાય ચુકવણા અંગે ભલામણ કરવાની રહેશે.

મહત્તમ ૪.૦૦ હેક્ટર સુધી સહાય મળવાપાત્ર રહેશે.

**HRT-૨,૩ અને ૪ યોજનાની અમલીકરણ પધ્ધતિ**

**પરિશિષ્ટ-૩**

<u>બહુસ્તરીય પદ્ધતિથી ફળ પાકોનો વાવેતર વિસ્તાર વધારવાનો કાર્યક્રમ હેઠળ વ્યકિતગત લાભાર્થીલક્ષી અને લાભાર્થીના બેંક એકાઉન્ટમાં બારોબાર સહાય ચુકવવાની અમલીકરણ માટેની કાર્યપધ્ધતિ</u>

**(૧) અરજીઓ મેળવવાની પધ્ધતિ**

i-Khedut પોર્ટલ ઉપર ખેડૂતોએ ઓનલાઇન અરજી કરવાની રહેશે જે ઓટો ઈનવર્ડ થશે, જ્યારે અરજદારે કરેલ ઓનલાઈન અરજી પ્રીન્ટ આઉટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે.

**(૨) અરજીઓની પાત્રતા નક્કી કરવાની કાર્યપદ્ધતિ**

કુલ ઓટો ઈનવર્ડ થયેલ અરજીઓ પૈકી I-khedut પોર્ટલ પર જણાવેલ પધ્ધતિ મુજબ જરૂર જણાયે કમ્પ્યુટરરાઈઝ ડ્રો કરીને અગ્રતા યાદી તૈયાર કરવાની રહેશે. જિલ્લા અમલીકરણ અધિકારીશ્રીએ તેઓના તાબાના અધિકૃત કરેલ તાલુકા અમલીકરણ અધિકારીશ્રી પાસેથી સમાન હેતુવાળા ઘટક માટે સરકારશ્રીની અન્ય કોઈ યોજનામાંથી અગાઉ નિયત કરેલ સહાય મેળવેલ નથી તેની ચકાસણી કરી ફાળવેલ લક્ષ્યાંકની મર્યાદામાં અરજીની પાત્રતા/બિનપાત્રતા નિર્ધારીત કરવાની રહેશે અને તદ્નુસાર I-khedut પોર્ટલમાં યોજના હેઠળની અરજીઓનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

**(૩) અરજીઓની મંજુરી અંગેની કાર્યપધ્ધતિ**

પાત્રતા ધરાવતી અરજીઓ પૈકી અગ્રતા ક્રમાંકના અરજદારને લક્ષ્યાંકની મર્યાદામાં સંબંધિત અધિકારીએ મંજૂરી આપવાની રહેશે. યોજના હેઠળના ઘટક માટે મંજૂર કરાયેલ અરજીઓની સંબંધિત અરજદારોને તેઓના સરનામે લેખિતમાં/SMS થી જાણ કરવાની રહેશે.

**(૪) ખરીદી કર્યા બાદ ઈનપુટ સાધન સામગ્રીની ચકાસણી કરવા બાબત**

(1) પરિશિષ્ટ-૧ તથા ૨ ની શરતો અને બોલીઓ ધ્યાને લઇ અરજદારે ખરીદી/કામગીરી પુર્ણ કરી તે અંગેના જરુરી આધાર પુરાવા સબંધિત કચેરીના અધિકૃત અધિકારી /કર્મચારી સમક્ષ ચકાસણી/ખાત્રી અર્થે રજુ કરવાના રહેશે.

(2) અરજદાર દ્વારા I-khedut પોર્ટલ પર કરવામાં આવેલ અરજીમાં આપેલ કોઈ પણ વિગતો ખોટી જણાશે તો, મંજુરી આધારીત ખરીદ પ્રક્રિયા પૂર્ણ કરેલ હોવા છતાં અરજદારની અરજી રદ ગણવામાં આવશે અને સહાય મળવાપાત્ર રહેશે નહી. આ અંગે અરજદારનો હક્ક-દાવો રહેશે નહી.

(3) ખરીદી બાદ રજુ થયેલ ક્લેઇમનું અધિકૃત અધિકારીએ I-khedut પોર્ટલ પર સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે. સબંધિત અધિકારીએ મળેલ દરખાસ્ત અન્વયે ભૌતિક ચકાસણી કરી/કરાવી તે અંગેનું સ્ટેટસ I-khedut પોર્ટલ પર અપડેટ કરવાનું રહેશે

**(૫) ઘટક ખરીદી કર્યા બાદ સહાયની ચુકવણીની કાર્યપધ્ધતિ**

જે તે ઘટકમાં ખરીદી/કામગીરીની ચકાસણી કર્યા બાદ સહાય ચુકવવા પાત્ર યોગ્ય જણાતા i-khedut પોર્ટલ પર પેમેન્ટનું સ્ટેટસ અપડેટની કાર્યવાહી કરવાની રહેશે. સહાય ચુકવવાની પાત્રતા ધરાવતા કેસોની યાદી i-khedut પોર્ટલ થકી પ્રિન્ટ આઉટ મેળવી અધિકૃત અધિકારીએ સહી/સીકકા કરી જિલ્લા તિજોરી મારફત સહાયની રકમ DBT (Direct Benefit Transfer) મારફત ચુકવણી કરવાની રહેશે.

*************************************************************************************************

Signature Not Verified
Signed by : Bhavesh Patel
Section Officer
Agriculture Farmers Welfare
and Co-operation Department
Date : 2026.04.28 11:28:47 IST



Open the document in Adobe Acrobat DC to verify the E-sign